# બનાસકાંઠા જિલ્લા પંચાયતની સાધારણ સભામાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે વાક્યુદ્ધ

પાલનપુર, તા.૨૯

બનાસકાંઠા જિલ્લા પંચાયત ની આજ રોજ પાંચ મહિના બાદ સાધારણ સભા જિલ્લા પંચયાત હોલ ખાતે યોજાઈ હતી જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશ દવેના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આજની સાધારણ સભામાં જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા સહિત શાસક અને વિપક્ષના સભ્યો હાજર રહ્યા હતા સાધારણ સભામાં જિલ્લા વિકાસ માટે ખાસ કોઈ એજન્ડા પર ચર્ચા થઈ ન નહોતી. પરંતુ વિપક્ષના બેઠેલા કૉંગ્રેસના સભ્યોએ જિલ્લા પંચાયતની સાધારણ સભા ત્રણ મહિને બોલવા તેમજ અમીરગઢના ઘાઘું અને ખુનિયા ગામે રાઈનો વાઈરસની બીમારીથી મોતને ભેટનાર બાળકો ના પરિવાર જનોને સહાય આપવાની માંગ કરી હતી. કૉંગ્રેસ ના સદસ્યોએ આક્ષેપ કર્યો હતો કે અમારી રજુઆતો સામાન્ય સભામાં ભાજપ સાંભળતું નથી. જયારે આજે કૉંગ્રેસે આરોગ્ય આંગણવાડી તેમજ શિક્ષણના મુદ્દે ભાજપને ઘેરવાના પ્રયત્નો કરયા હતા. જયારે જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશ દવેએ કૉંગ્રેસના સદસ્ય લક્ષમીબેન કરેનની રજૂઆતનો જવાબ આપ્યા વગર ચાલતી પકડી હતી.

ત્યારે કૉંગ્રેસના સદસ્યોએ દલિત અત્યાચાર બંધ કરો. વીજ બિલમાં ઘટાડો કરો તાનાસાહિ બંધ કરો જેવા સૂત્રોચ્ચાર પોકાર્યા હતા. મીડિયા સાથેની વાતચીતમાં જિલ્લા પંચયાતના કૉંગ્રેસ ના મહિલા સભ્ય લક્ષમીબેન કરેણએ શાસક પક્ષ અમારી કોઈ પણ જિલ્લાના હિતની રજુઆતને સાંભળવા ત્યાર નથી માત્ર તેમાની મનમાની ચાલવે છે જે અમે કયારે ચાલવા નહિ દઈએ.



# પ્રાંતિજમાંથી ડેન્ગ્યુનો કેસ મળી આવતા તંત્રમાં દોડધામ

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગોપીનાથ સોસાયટીમાં ૧૭ વર્ષના બાળકને ડેન્ગ્યુ થતા પહેલા હિંમતનગર અને પછી વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યો છે. ત્યારે હાલ તો ઉંઘતુ તંત્ર દોડતુ થઈ ગયું છે.

પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ ગોપીનાથ સોસાયટીમાં રહેતા અને પ્રાંતિજનગરપાલિકા કોર્પોરેટર અને પાણી પુરવઠા સમિતિના ચેરમેન પહેલાદભાઈ પ્રજાપતિના પુત્રના પુત્ર હરનિસ નિલેષકુમાર પ્રજાપતિ ઉં.વ. ૧૭ કે જેને પહેલા તાવ આવતા પ્રાંતિજ બાદ હિંમતનગર દાખલ કરવામાં આવ્યો હતો. અને સારવાર દરમ્યાન ડેન્ગ્યુ હોવાનું માલુમ પડ્યું હતું. ત્યારે કાઉન્ટ ૫૦ ટકા થઈ જતાં તેને હિંમતનગરથી અમદાવાદ ખાતે આવેલ સીમ્સ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. જયારે તંત્ર હાલ તો પ્રાંતિજ સહિત તાલુકામાંથી એકલદોકલ કેસો મળી આવતા હાલ તો દોડતુ થયું છે.

# મેઢાસણ ગામ ડેન્ગ્યુના ભરડામાં વધુ એક શંકાસ્પદ કેસ મળ્યો

## અત્યાર સુધી મેઢાસણમાંથી કુલ ૪ શંકાસ્પદ કેસ મળ્યા, આરોગ્ય વિભાગ સતર્ક છતાં પણ ડેન્ગ્યુનો કહેર જારી

મોડાસા, તા. ૨૯

મોડાસા તાલુકાના મેઢાસણ ગામ છેલ્લા કેટલાક દિવસોથી ડેન્ગ્યુના ભરડામાં સપડાયું છે. આરોગ્ય વિભાગ સક્રિય હોવા છતાં પણ ગામમાં ડેન્ગ્યુના કેસ વધતાં લોકોમાં ફફડાટ જોવા મળ્યો છે. આ અગાઉ મેઢાસણ ગામમાં ૩ શંકાસ્પદ ડેન્ગ્યુના કેસ મળ્યા હતા જ્યારે હાલ ૧૯ વર્ષીય અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતા પિન્ટુભાઈ ડાહ્યાભાઈ રાઠોડને શંકાપદ ડેન્ગ્યુના લક્ષણો જોવા મળ્યા હતા. પિન્ટુભાઈ થોડાક દિવસો પહેલા સામાન્ય તાવની અસર જોવા મળી હતી. તાવમાં આરામ ન થતા પિન્ટુભાઈને મોડાસા ખાતે ખાનગી દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબીબી પરીક્ષણ અને લેબોરેટરી કર્યા બાદ શંકાસ્પદ ડેન્ગ્યુના લક્ષણો જણાયા હતા. અગાઉ મેઢાસણ ગામમાંથી ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ મળતા આરોગ્ય તંત્ર હરકતમાં આયુ હતુ અને ગામમાં ફોગિંગ અને ફોરાનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો હોવા છતાં પણ ડેન્ગ્યુનો નવો શંકાસ્પદ કેસ મળતાં લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો.



### મેઢાસણના આંતરિક વિસ્તારો ગંદકીથી ખદપદે છે

મેઢાસણ ગામ બારેમાસ ગંદકીથી ખદબદે છે. ગામના કેટલાક વિસ્તારોમાં એટલી હદે ગદંકી થઈ ગઈ છે કે કાદવ કિચડમાં પણ કીડા ખદબદી ઉઠ્યા હોવાનું સ્થાનિકોએ જણાવ્યુ છે. બારેમાસ ગંદકી રહેવાથી વારંવાર લોકો બિમારીમાં સપડાય છે. આંતરિક વિસ્તારોની ગંદકીને લઈને નાગરીકોએ વારંવાર રજુઆત કરી હોવા છતાં ગ્રામ પંચાયત દ્વારા કોઈ નક્કર પગલા ન લેવાતા લોકોમાં રોષ ફાટી નિકળ્યો છે.

# પ્રાંતિજના દસ વિદ્યાર્થીઓએ વુશુ-કુંગ કુમાં ગોલ્ડ મેડલ અને સિલ્વર મેડલ જીત્યા

## પાંચ બાળકો ગોલ્ડ મેડલ અને પાંચ બાળકોએ સિલ્વર મેડલ મેળવ્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ચાલતી એક લવ્ય ફાઉન્ડેશનના દસ વિદ્યાર્થીઓએ અમદાવાદ ખાતે યોજાયેલ ૧૬ નેશનલ વુશુ-કુંગ-કુ ચેમ્પિયનશીપમાં ભાગ લીધો હતો. જેમાં પાંચ વિદ્યાર્થીઓએ ગોલ્ડમેડલ અને પાંચ બાળકોએ સિલ્વર મેડલ જીતી સારૂ પ્રફોર્મન્સ કરી સંસ્થા સહિત પ્રાંતિજ અને સાબરકાંઠાનું ગૌરવ વધાર્યુ છે. ત્યારે પ્રાંતિજ-તલોદના ધારાસભ્યએ પણ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

અમદાવાદ ખાતે ૧૬ નેશનલ વુશુ-કુંગ-કુ ચેમ્પિયનશીપ યોજાઈ હતી. જેમાં કોચ હાર્દિક બ્રહ્મભટ્ટના નેજા હેઠળ દસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સોની આરવ, પટેલ રૂદ્ર, પટેલ સૌમ્ય, મોદી પ્રાંશુ, સોની પ્રિયાંશુ પાંચ બાળકોએ ગોલ્ડ મેડલ અને શાહ અક્ષીત, સુખડીયા રાધે, પટેલ દેવર્ય, ખમાર રેનીસ, મોદી જેનિશ પાંચ બાળકોને સિલ્વર મેડલ જીત્યો હતો. ત્યારે કોચ હાર્દિક બ્રહ્મભટ્ટને પણ બેસ્ટ કોચ તરીકે મોમેન્ટો અને સર્ટીફિકેટ આપવામાં આવ્યું હતું. જયારે સંસ્થા તથા પ્રાંતિજ સહિત સાબરકાંઠા જિલ્લાનું નામ રોશન કર્યુ છે ત્યારે પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મેહન્દ્રસિંહ બારૈયાએ પણ કોચ હાર્દિકભાઈ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને સરકાર દ્વારા આવી રમતોને પ્રોત્સાહિત કરી આગળ વધારવા અને આવા વિદ્યાર્થીઓને વધુ આગળ રમવા માટે પ્રોત્સાહિત કરી ખર્ચ સહિત પુરૂ પાડવા વિનંતી કરી હતી. જયારે વાલીઓએ પણ પોતાના બાળકોની કુશળતા જોઈને ખુશ ખુશાલ જોવા મળ્યા હતા.



# ઊંઝામાં પોલીસ નિષ્ક્રિયતાથી વધતા ચોરી-લૂંટના બનાવો

ઊંઝા, તા. ૨૯

ઊંઝા પોલીસની નિષ્ક્રિયતાને કારણે પોલીસ સ્ટેશનની હદમાં છેલ્લા કેટલાક વખતથી ધાડ, લૂંટ, ઘરફોડ ચોરીઓ, વાહન ચોરીઓ જેવા ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાળે ગઈ છે. આ વિસ્તારમાં મિલકત વિરૂદ્ધમાં વધતા જતા ગુનાઓને અટકાવવામાં તેના ભેદ ઉકેલવામાં તેમજ સમાજ વિરોધી પ્રવૃત્તિઓને નેસ્તનાબુદ કરવામાં સ્થાનિક પોલીસતંત્ર નિષ્ફળ નિવડ્યુ હોવાની છાપ લોકમાનસમાં ઉભી થઈ છે. આથી સ્થાનિક પોલીસતંત્રમાં ધરમૂળથી ફેરફારો કરાવા જોઈએ તેવી લોક લાગણી ઉદ્ભવી છે.

ગઈરાત્રે ઊંઝા તાલુકાના રણછોડપુરા ગામની વઘેશ્વર વિદ્યાલયમાંથી કોઈ તસ્કરો અંદાજે રૂપિયા એક લાખની કિંમતની મત્તાના દસ કમ્પ્યુટરો, સીપીયુ તેમજ એલઈડી ટીવીની ઉઠાંતરી કરી ગયા હતા. તસ્કરોએ શાળાના રૂમોના તાળા તોડી નાંખ્યા હતા અને શાળાના કમ્પ્યુટર રૂમમાંથી કમ્પ્યુટરો, સીપીયુ તથા એલઈડી ટીવીની ચોરી કરી હતી. ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર ચોરીઓના કિસ્સા બની રહ્યા છે. ત્યારે જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સત્વરે યોગ્ય પગલાં ભરવાનો સમય હવે પાકી ગયો છે.

# ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ધ્વારા ઈ-માર્કેટનો શુભારંભ

ભિલોડા. તા. ૨૯

રાજ્યમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીને ઈ-માર્કેટ સાથે જોડવાના પ્રાયોગીક તબક્કે અરવલ્લી જીલ્લાના એક માત્ર ભિલોડા તાલુકામાં ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીની પસંદગી કરાતાં ઈ-માર્કેટનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, મનીષભાઈ ઉપાધ્યાયના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ભિલોડા તાલુકાના ખેડુતો પોતાનો માલ ગમે ત્યાં બેસીને વેચી શકે અને સારો ભાવ મળે તેમજ વેપારીઓ કોઈ પણ ખુણે બેસી માલ ખરીદ કરી શકે તેમજ ખેડુતોને રાષ્ટ્રીય બજાર ભાવ ધ્વારા પોષણક્ષમ ભાવ મળી શકે તે હેતુથી ભિલોડા માર્કેટયાર્ડની ઈ-પસંદગી કરાતાં તેનો શુભારંભ કરાતાં ખેડુત આલમમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# રોગચાળો નાથવા અરવલ્લી જિલ્લા પ્રમુખની તાકિદ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લામાં મચ્છરજન્ય રોગચાળાએ માથુ ઉંચકતા ડેન્ગ્યુ અને મેલેરીયા જેવી બિમારીના કેસોમાં નોંધપાત્ર વધારો થતા જિલ્લા પંચાયત પ્રમુખે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિની બેઠક બોલાવી હતી. જિલ્લા આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે જિલ્લામાં ફેલાતા રોગચાળાને અટકાવવા અને કાબુમાં લેવા ઝડપી કામગીરી કરવા સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. અરવલ્લી જિલ્લામાં બાયડ, ધનસુરા અને માલપુર તાલુકાઓમાં હેલ્થ ઓફીસ બનાવવા ઉંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

અરવલ્લી જિલ્લા પંચાયત કચેરી ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી અને જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન માનવેન્દ્રસીંહ સોલંકીની ઉપસ્થિતિમાં જિલ્લા આરોગ્ય અધિકારી અને જવાબદાર તંત્ર સાથે મળી જિલ્લામાં વકરતા જતા રોગચાળાને કાબુમાં લેવા અને જન જાગૃતિ દ્વારા મચ્છરજન્ય રોગચાળો અટકાવવાની સમીક્ષા કરી હતી. અરવલ્લી જિલ્લામાં જિલ્લા આરોગ્ય અધિકારીની સીધી દેખરેખ હેઠળ એન્ટી લાર્વેલ, ફોગીંગની કામગીરી તેમજ પાણી ભરાઈ રહેલ હોય તેવા વિસ્તારમાં બી.ટી.આઈ.ની દવાનો છંટકાવ કરવાની કામગીરીની તેમજ આરોગ્યના સ્ટાફ ફીલ્ડ વર્કર દ્વારા પોરાનાશક કામગીરી અને શંકાસ્પદ દર્દીઓની સારવાર તેમજ આરોગ્ય વિભાગની કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી તેમજ જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ સમિતિના ચેરમેન માનવેન્દ્રસીંહ સોલંકીએ જિલ્લાના તમામ તાલુકાઓમાં

● અનુસંધાન પાના - ૭ પર




## અરવલ્લી ભાજપ મહિલા મોરચાએ સરકારને અભિનંદન પાઠવ્યા

ભારતીય જનતા પાર્ટી અરવલ્લી જિલ્લા મહિલા મોરચામાં પ્રદેશની યોજના મુજબ અભિનંદન પ્રસ્તાવ કાર્યક્રમ અરવલ્લી જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભીના અધ્યક્ષસ્થાને યોજાયો તેમાં મહામંત્રી શામળભાઈ પટેલ, એસ.એમ. ખાંટ, ધીમંતભાઈ પટેલ, પ્રદેશ કારોબારી સભ્ય હેમલત્તાબેન પટેલ, ચંદ્રીકાબેન પટેલ, ભીખીબેન પરમાર, જિ. ઉપ પ્રમુખ નીલાબેન મડીયા, પ્રતિક્ષાકુંવરબા મહીલા મોરચાના પ્રમુખ નીતાબેન ભાનવસાર નગરપાલિકા મોડાસા પ્રમુખ વનીતાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને સરકારશ્રીની મહિલાઓની યોજનાઓની જાણકારી આપી અને આગામી ચૂંટણીઓમાં મહિલાશક્તિ નેતૃત્વને પ્રાધાન્ય આપી ચૂંટણી પ્રચારમાં જોડાવા જિલ્લામાં મહિલાઓને પાર્ટીની યોજનાઓની પ્રસુતી અંગે મેટરનીટી લીવ, ઉજ્જવલા યોજના મફત ગેસ કનેક્શન અંગે માહિતી આપી અને જિલ્લામાં ભાજપાના પ્રચાર માધ્યમોમાં મહિલાઓની પણ ગણના કરી અને કાર્યક્રમમાં મહીલાઓનો ઉત્સાહ વધારી કાર્યક્રમં સપન્ન કર્યો.



## પ્રાંતિજમાં નવરાત્રી પર્વની તડામાર તૈયારીઓ

નવરાત્રિ આડે હવે માત્ર ત્રણ દિવસ બાકી છે ત્યારે વિવિધ માઈ મંડળો દ્વારા નવરાત્રિ ચોકની તૈયારીઓમાં લાગી ગયા છે. ત્યારે પ્રાંતિજ ખાતે શ્રી રાંદલ માઈ મંડળ દ્વારા પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ સોનીવાડા નાકે નવલાં નોરતાના માંડવો વોટરપ્રૂપ બનાવવા જઈ રહ્યાં છે. અને માઈ ભક્તો સહિત કારીગરો કામે લાગી ગયા છે. ત્યારે આ વર્ષે શ્રી રાંદલ માઈ મંડળ દ્વારા ૨૭મો નવરાત્રિ મહોત્સવ યોજાશે.

# તબલાના સમારકામ કરતા ડબગરોની રોજી સામે પ્રશ્નાર્થો

અરવલ્લી, તા. ૨૯

અરવલ્લી જિલ્લામાં નવરાત્રી પર્વેમાં ડીજે અને આધુનિક વાજીંત્રોના તાલે નવરાત્રી મહોત્સવના આયોજકો અને ગ્રામ્ય વિસ્તારના યુવક મંડળો દ્વારા નવરાત્રીનું આયોજન થતુ હોવાથી અને પરંપરાગત ગરબી લુપ્ત પ્રાપ્ય અવસ્થામાં હોવાથી નવરાત્રી પર્વે તબલા બનાવી આપવાનુ તેમજ રિપેર કરવાનુ કામ કરતા અરવલ્લી જિલ્લાના ડબગરોની આજે રોજી રોટી છીનવાઈ જતા કલાકારો બેકારીના ખપ્પરનો ભોગ બની રહ્યો છે. તદ્ઉપરાંત ડબગર સમાજ દ્વારા વંશપરંપરાગત ધંધા રોજગારના અસ્તિત્વનો સવાલ પેદા થતા અન્ય ધંધા-રોજગાર તરફ મીટ માંડી છે.

એક જમાનામાં નવરાત્રીના એક મહિના પહેલાથી તબલા, પેટીના સાધનો ખરીદવા, ઓર્ડરો નોંધાવતા અને મહિના સુધી રાત દિવસ તબલા તૈયાર કરવામાં કલાકારો અને તેમના પરિવારજનો વ્યસ્ત રહેતા હતા. આ કલાકારો આજે ડીજે અને આધુનિક વાજંત્રોના જમાનામાં તબલાનો અવાજ દબાઈ જતા કલાકારોની રોજીરોટી છીનવાઈ જતાં બેકારીના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે.




અરવલ્લી જિલ્લામાં નવરાત્રિના પર્વને કાઉન્ટડાઉનનો સમય જ બાકી છે ત્યારે મુખ્ય મુથક મોડાસા શહેર તેમજ અન્ય શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા અને વર્ષોથી સંગીતના વાજંત્રો વાદ્યો બનાવતા કારીગરોના રોજગાર ધંધા ઠપ્પ થઈ ગયા છે. અને સંગીતનું સ્થાન આજના ઘોંઘાટીયા ડીજેએ લઈ લેતા કલાકારો બેકારીના ખપ્પરમાં હોમાયા છે. મોડાસાના ડબગર સમાજના અગ્રણીના જણાવ્યા અનુસાર અગાઉના વર્ષોમાં તહેવારે સંગીતના સાધનો બનાવવા કે સમારકામ કરવા લોકોની લાંબી લાંબી કતારો લાગતી હતી. ૨૪ કલાક સતત વાજીંત્રોના ધંધામાં વ્યસ્ત રહેતા અને નવરાત્રિ પર્વે પહેલા વર્ષની કમાણી કરી લેતા હતા. આજે અમારો કોઈ ભાવ પુછતુ ના હોય તેવો ઘાટ સર્જાયો છે. અમારી કળા અમારી નવયુવાન પેઢીના દિકરાઓ નવ પેઢી શીખવા તૈયાર નથી. બાપદાદાનો ધંધો હવે બંધ કરવો પડે તેવી હાલત છે. ડબગરોના સંતાનો પણ બીજા ધંધા તરફ વળી જતા આ વ્યવસાય લુપ્ત થઈ જાય તો નવાઈ નહી. જો આ ધંધો નહિ રહેતો તબલા રીપેર કરવાની દુકાન પણ શહેરોમાંથી લુપ્ત થઈ જશે. છેલ્લી સાત પેઢીથી રાજા રજવાડા વખતના સંગીતકારની આજની પેઢીના યુવાનો મોડાસા શહેરમાં કટલરી સ્ટોર્સ, કાચના શૉ રૂમ, છત્રીના હોલ સેલ બીઝનેશ, કિરણાસ્ટોર્સ જેવા અન્ય ધંધામાં જંપલાવ્યુ છે. મોડાસા શહેરમાં વાદ્ય અને વાજીંત્રો બનાવવા અને રીપેરીંગના વ્યવસ્યામાં ત્રણથી ચાર પરિવાર જોડાયેલા છે. જ્યારે અન્ય ૩૦થી વધુ પરિવારોએ બીજો બીઝનેશ અપનાવી લીધો હોવાનું જણાવ્યું હતું.